નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૩૬
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૮/૦૪/૨૦૧૬

## // પરિપત્ર //

**વિષયઃ–** **નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના બાંધકામ અંગેના નકશા મંજુર કરાવવા, બાંધકામ શરૂ કરવા અંગે થતા વિલંબીત સમય માટેના દંડની નીતિ નકકી કરવા બાબત.**

સંદર્ભઃ– ૧. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૨૪ તારીખઃ૦૯.૦૭.૨૦૧૫
૨. નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/૫૬ તારીખઃ૨૯.૧૨.૨૦૧૫

નિગમના નિયામક મંડળની તા.૧૯–૦૩–૨૦૧૬ ના રોજ યોજાયેલ ૪૮૮ મી સભામાં નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોના બાંધકામ અંગેના નકશા મંજુર કરાવવા, બાંધકામ શરૂ કરવા અંગે થતા વિલંબીત સમય માટેના દંડની નીતિ નકકી કરવા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ ૧૧/પોસ્ટ વિતરણ/૪૮૮ થી સાદર કરવામાં આવેલ. જેને અનુસંધાને થયેલ ઠરાવ ક્રમાંકઃ૫૨/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬ અન્વયે નિગમની હાલની બાંધકામના નકશા મંજુરી અર્થે રજુ કરવા, બાંધકામ શરૂ કરવાની નિયત સમયમર્યાદા તથા ત્યારબાદની દંડની જોગવાઈ તેમજ નિગમ ધ્વારા મીનીમમ વોટર ચાર્જીસની જે રકમ વસુલ લેવામાં આવે છે તે રદ કરી માત્ર પ્લોટનો ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગેની નિયત સમયમર્યાદા બાદ પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૩% લેખે વિલંબિત દંડ વસુલ લેવા સારૂ નીચે મુજબ પરિપત્ર જારી કરવામાં આવે છે.

૧. આ નીતિ તમામ પ્રકારની મિલ્કતો જેવી કે ઔદ્યોગિક, વાણિજય અને રહેણાંક મિલ્કતોને લાગુ પડશે.

૨. સદર નીતિ અન્વયે નિગમ ધ્વારા વસુલ લેવામાં આવતા મીનીમમ વોટર ચાર્જીસની રકમ વસુલ લેવાની રહેશે નહી.

૩. આ નીતિ અન્વયે બાંધકામના નકશા નિગમમાં રજુ કરવા અંગે તથા બાંધકામ શરૂ કરવા અંગે કોઈ દંડ વસુલ લેવાનો રહેશે નહિ. પરંતુ જે કિસ્સાઓમાં ફાળવણીદાર ધ્વારા આવી દંડની રકમ નિગમમાં ભરપાઈ કરી દેવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં દંડની રકમ પરત આપવાની રહેશે નહિ એટલે કે આવા કિસ્સાઓ ઉખેડવાના રહેશે નહિ.

૪. આ નીતિ અમલમાં આવતા નિગમના તારીખઃ૦૯.૦૭.૨૦૧૫, તારીખઃ૨૯.૧૨.૨૦૧૫ તથા ઉપરોકત બાબતના તમામ પરિપત્રો સદર વિષય પૂરતા રદ ગણવાના રહેશે.

૫. આ નીતિ અન્વયે વિતરણ તારીખમાંથી મોરેટોરીયમ પીરીયડ બાદ કરી ત્યારબાદના સમયગાળા માટે વણવપરાશી દંડની ૩% લેખે પ્રતિ વર્ષ પ્રતિ ચો.મી. ગણતરી કરવાની રહેશે.

૬. હવે પછીના વિતરણના કિસ્સામાં નીચે જણાવેલ કોષ્ટક મુજબ ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવાની સમય મર્યાદા તેમજ તે પૂર્ણ થયા બાદ વણવપરાશી દંડની રકમ વસુલવાની રહેશે.

| મિલ્કતનો વિસ્તાર(ચો.મી.) | ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગે | |
|---|---|---|
| | સમયમર્યાદા (વિતરણ તારીખથી) | દંડની રકમ (ચો.મી. પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ટકાવારી) |
| ૫૦,૦૦૦ સુધી | ૩ વર્ષ | 3% |
| ૫૦,૦૦૧ થી ૧,૦૦,૦૦૦ | ૪ વર્ષ | 3% |
| ૧,૦૦,૦૦૧ થી વધુ | ૫ વર્ષ | 3% |

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ–વિતરણ) ને પાઠવવી.

–સહી–
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:–**
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ,

મેનેજર(મહેકમ)